| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૭/૦૯/૨૦૨૩   બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૫૯૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૪૧૪ લીટર દેશી દારૂ, ૩૬૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ લકઝરી બસ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૫૯૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બેગ ઝુટવી લઈ નાસી ગયાઃ-    સમાચાર યાદી નં.૧૫૯૬/૨૦૨૩

**સેટેલાઈટઃ** દેવેશભાઇ ઇન્દ્રવદનભાઇ શાહ (ઉ.વ.૬૫) (રહે. રૂક્ષ્મણી વલ્લભ કો.ઓ.સોસાયટી યોગાશ્રમ સોસાયટી સામે શ્યામલ ચાર રસ્તા પાસે આંબાવાડી) તા.૨૬/૦૯/૨૦૨૩ સાંજના ૫/૪૫ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન સેટેલાઈટ માણેકબાગ સોસાયટી પાસે તપોવન સોસાયટી ચાર રસ્તા નજીકથી પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ ત્રણ પુરૂષોએ દેવેશભાઇ શાહની કારથી એક્સીડન્ટ થયેલ છે તેમ કહી કાર ઉભી રખાવી એક પુરૂષે વાતોમાં વ્યસ્ત રાખી નજર ચુકવી અન્ય બે પુરૂષોએ કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી બેગ ચોરી કરતા પુરૂષોને દેવેશભાઇ શાહ જોઈ જતા, દોડીને બેગ પકડી લેતાં હાથમાંથી બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૫,૫૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ દેવેશભાઇ શાહ એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૭/૨૦૨૩**

**નારોલઃ** સુરેખાબહેન વા/ઓ વિનોદભાઇ ચિત્તે (ઉ.વ.૬૫) (રહે. પ્રેરણા ટેનામેન્ટ વિભાગ-૩ પારસનગર બસ સ્ટેન્ડ પાસે ઇસનપુર વટવા રોડ નારોલ) એ તા.૨૬/૦૯/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૯/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સુરેખાબહેન ચિત્તેના ઘરે તીજોરી રીપેરીંગ કરવા આવેલ સરદારજી જેવો પુરૂષ તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૯૧,૦૦૦/- ચોરી કરી લઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** સુરેશભાઈ મણીલાલ પટેલ (રહે. સાઈગોલ્ડ ફ્લેટ કેણવણી ધામ સામે ન્યુ ઇન્ડિયા કોલોની નિકોલ) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સુરેશભાઈ પટેલ કૃષ્ણનગર સરદારચોક નીલમ શોપીંગ સેન્ટર ખાતે શિવશક્તિ સાઇકલ રીપેરીંગ વર્કસ નામની દુકાન ધરાવી ધંધો કરતા હોઈ તા.૨૬/૦૯/૨૦૨૩ બપોરના ૪/૦૦ થી ૪/૨૦ વાગ્યા દરમ્યાન સુરેશભાઈ પટેલની દુકાન ખાતે અવેલ એક પુરૂષ સુરેશભાઈ પટેલની નજર ચુકવી દુકાનમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૮/૨૦૨૩**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** લક્ષ્મણદાસ રીજુમલ ભાગવાની (ઉ.વ.૭૩)(રહે.ગરીબ આવાસ યોજના ચાર માળીયા ટંકાર રેસીડન્સી સામે વટવા) તા.૨૫/૦૯/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે વટવા રેલવેબ્રીજથી બચુભાઇ ચોકડી તરફ કાચા છાપરાં સામે જય મહાકાલી પાન પાર્લર સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે છોટા હાથી ગાડી નંબર જીજે.૨૭.ટીડી.૩૮૩૪ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લક્ષ્મણદાસને ટક્કર મારતા, ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૯/૨૦૨૩ કલાક ૪/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર લક્ષ્મણદાસ ભાગવાનીના પત્ની લીલાબહેન ભાગવાની એ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

**તળાવમાં ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૯/૨૦૨૩**

**નારોલઃ** ઘેલુભાઈ રઘુભાઈ પટેલ (ઉ.વ.૭૬) (રહે. જ્યોતીનગર વિવેકાનંદ હિન્દી સ્કુલ સામે શાહવાડી નારોલ) તા.૨૬/૦૯/૨૦૨૩ કલાક ૮/૦૦ વાગ્યા પહેલા નારોલ જયોતીનગર પાછળ ખોડીયાર તળાવમાં ડુબી જતા આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૦/૨૦૨૩**

**વેજલપુરઃ** જુહાપુરા નશેમન સોસાયટી ખાતે મજુરી કામ કરતા અને ત્યાં જ રહેતા કલ્પેશ મગનભાઇ માલીવાડા (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ-ખુટાગલીયા તા-ગાંગડ તલાઇ જી-બાસવાડા રાજસ્થાન) તા.૧૫/૦૯/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે પહેલા માળે બ્રેકરથી અગાસીની દિવાલ તોડતા હતા ત્યારે પગ લપસી જતા પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૯/૨૦૨૩ રાતના ૧૦/૨૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઇ મથુરભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૧/૨૦૨૩**

**ચાંદખેડાઃ** સંજયકુમાર કેશવલાલ રાઠોડ (ઉ.વ.૪૧) (રહે. ભુલાભાઇ પાર્ક માનસરોવર રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની બારીની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભગીરથસિંહ અનોપસિંહ ચલાવે છે.

**નિકોલઃ** દિપીકાબહેન વા/ઓ પ્રફુલભાઇ પટેલ (ઉ.વ.૩૮) (રહે. તેજેન્દ્રવિહાર સોસાયટી વિભાગ-૧ વિરાટનગર રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૩ સવારના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સવારના ૮/૪૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશ્વાહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી